# માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિનો કેટલાક ચલોના સંદર્ભમાં અભ્યાસ

વર્ષાબેન આર. વસૈયા
વ્યાખ્યાતા,
એસ.ટી. કોલેજ,વિસનગર.

## પ્રસ્તાવના:-

વિશ્વમાં આજે વૈશ્વિકીકરણને લીધે ખૂબ જ ઝડપી વિકાસ થઈ રહ્યો છે. તેની અસર બધાં જ ક્ષેત્રોમાં જોવા મળે છે. કેળવણીના ક્ષેત્રમાં પણ તેની વ્યાપક અસર જોવા મળે છે કેળવણી ક્ષેત્રે વિકાસની સાથે સાથે અવનવાં સંશોધનો થઈ રહ્યાં છે. માપન- મૂલ્યાંકન અધ્યાપન પદ્ધતિઓ, અધ્યાપનનાં સાધનો અને અભ્યાસક્રમ જેવા ક્ષેત્રમાં ચાર દાયકામાં થયેલા સંશોધનના કારણે આ ક્ષેત્ર વધારેને વધારે સમૃધ્ધ અને ગતિશીલ બન્યું છે. અભ્યાસક્રમમાં આવતા ક્રમશઃ સુધારાઓને કારણે તેમજ મૂલ્યાંકનની પ્રક્રિયાને વધારે અસરકારક બનાવવાના ફળ સ્વરૂપે મનોવૈજ્ઞાનિક માપન માટેની નવી- નવી કસોટીઓનો પણ ઉદ્ભવ થયો છે.તેમાં બુદ્ધિમાપન કસોટી, અભિરૂચિ, સામાજિક આર્થિક માપદંડ, અભિયોગ્યતા કસોટી વ્યકિતત્વમાપન કસોટી, રસ સંશોધનિઓ અને સિદ્ધિ માપન કસોટીઓને વધારે સૂક્ષ્મ અને શાસ્ત્રીય બનાવાય છે. આથી કોઠારી શિક્ષણ પંચે ઈ.સ.૧૯૬૪-૬૬ માં જે વિધાન આપ્યું છે."ભારતનું ભાવિ તેનાં વર્ગખંડમાં ઘડાઈ રહ્યું છે." જે આજના યુગમાં સાર્થક થતું હોય તેમ જોવા મળે છે. આજનો વિદ્યાર્થી શૈક્ષણિક બૌદ્ધિક અને સામાજિક રીતે ઉચ્ચ કક્ષા પ્રાપ્ત કરે તો તે અતિશયોકિત ન ગણાય.

વિદ્યાર્થીઓની આ બધી જ સિદ્ધિઓ પાછળ કેટલાક પરિબળો અગત્યનો ભાગ ભજવતાં હોય છે. જેમાં વ્યકિતની આંતર- બાહ્ય વ્યકિતગત ભિન્નતા, વાતાવરણ, કુટુંબ, સામાજિક -આર્થિક દરજ્જો, વિસ્તાર, વય, શૈક્ષણિક વાતાવરણ વગેરેનો સમાવેશ થાય છે.

માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની ઉંમર સામાન્ય રીતે ૧૩ થી ૧૫ વર્ષની હોય છે.આ વય એ તરૂણાવસ્થાનો સમય ગાળો હોય છે. આ

સમયમાં વિદ્યાર્થીઓનો શારીરીક અને માનસીક વિકાસ ઝડપથી થતો હોય છે. તેથી વિદ્યાર્થીઓના ભવિષ્યનો નકશો તૈયાર કરવા માટે તેમની શૈક્ષણિક સિદ્ધિ અગત્યનો ભાગ ભજવે છે. તેથી માધ્યમિક શાળના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ જાણવી જરૂરી બને છે, તેમજ તેમની નિમ્ન, મધ્યમ કે ઉચ્ચ શિક્ષણ સિદ્ધિ પર કયાં પરિબળો અસર કરે છે તે જાણવું જરૂરી છે જેનાથી વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન આપી શકાય. તેમનામાં રહેલી ગર્ભિત શકિતઓને પણ ખીલવી શકાય તેમજ શારીરીક અને માનસિક કેટલીક શકિતઓને યોગ્ય માર્ગાન્તર કરી શકાય.

## અભ્યાસના હેતુઓ

પ્રસ્તુત અભ્યાસના હેતુઓ આ પ્રમાણે છે .

(૧) માધ્યમિક શાળાના અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિનો અભ્યાસ કરવો.

(૨) માધ્યમિક શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર થતી જાતિની અસર તપાસવી.

(૩) માધ્યમિક શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર થતી વિસ્તારની અસર તપાસવી.

(૪) માધ્યમિક શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર જુદી જુદી બુદ્ધિકક્ષાની અસરનો અભ્યાસ કરવો.

(૫) માધ્યમિક શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર સામાજિક આર્થિક દરજ્જાની અસર તપાસવી.

## અભ્યાસની ઉત્કલ્પનાઓ :

$Ho_1$ માધ્યમિક શાળામાં અભ્યાસ કરતાં છોકરાઓ અને છોકરીઓની શૈક્ષણિક સિદ્ધિના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

$Ho_2$ માધ્યમિક શાળામાં અભ્યાસ કરતાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના પ્રાપ્તાંકનોી સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

$Ho_3$ માધ્યમિક શાળાના અભ્યાસ કરતાં ઉચ્ચ બુદ્ધિઆંક અને નિમ્ન બુદ્ધિ આંક ધરાવતા વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

$Ho_4$ માધ્યમિક શાળામાં અભ્યાસ કરતાં ઉચ્ચ સામાજિક - આર્થિક દરજ્જો અને મધ્યમ સામાજિક -આર્થિક દરજ્જો ધરાવતા વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહી હોય.

## અભ્યાસ હેઠળના ચલ

સ્વતંત્ર ચલ : પ્રસ્તુત અભ્યાસમાં જાતિયતા, વિસ્તાર, બુદ્ધિ અને સામાજિક - આર્થિક દરરજ્જો સ્વતંત્ર ચલો છે.

પરતંત્ર ચલ : પ્રસ્તુત અભ્યાસમાં શૈક્ષણિક સિધ્ધિ પરતંત્ર ચલ છે.

અંકુશિત ચલ : પ્રસ્તુત અભ્યાસમાં માધ્યમિક શાળાને અંકુશિત ચલ ગણવામાં આવેલ છે.

## અભ્યાસનું વ્યાયવિશ્વા અને નિદર્શ :

પ્રસ્તુત અભ્યાસમાં વ્યાપવિશ્વ તરીકે મહેસાણા જિલ્લાના વિસનગર શહેરમાં શૈક્ષણિક વર્ષ ૨૦૦૮-૦૯ દરમિયાન માધ્યમિક શાળમાં અભ્યાસ કરતા ધોરણ -૮ અને ૯ ના વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

## નિદર્શ :

પ્રસ્તુત અભ્યાસમાં નિદર્શ તરીકે વિસનગર શહેરની અનુદાનિત માધ્યમિક શાળાઓ પૈકી ચાર માધ્યમિક શાળાઓની યાદચ્છિક રીતે પસંદગી કરવામાં આવી હતી. અને તેમાંથી યાર્દચ્છિક નમૂના પસંદગીની પધ્ધતિથી કુલ ધોરણ-૮ ના ૨૦૦ અને ધોરણ-૯ ના ૨૦૦ અમે કુલ ૪૦૦ વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી.

## અભ્યાસનુ ઉપકરણ :

પ્રસ્તુત અભ્યાસમાં વિદ્યાર્થીઓની જાતિ અને વિસ્તાર જાણવા માટે સંશોધકે સ્વરચિત માહિતી પત્રિકાનો ઉપયોગ કર્યો હતો. તેમજ શૈક્ષણિક સિદ્ધિ જાણવા માટે સંશોધકે જાતે તૈયાર કરેલ ગુજરાતી વિષયની ત્રિપરિમાણ કોઠા આધારિત કસોટીનો ઉપયોગ કરેલો છે અને બુદ્ધિઆંક માટે ડૉ.કે.જી. દેસાઈ રચિત શાબ્દિક - અશાબ્દિક સમૂહ બુદ્ધિ કસોટી તેમજ સામાજિક - આર્થિક દરજ્જો જાણવા માટે ડૉ. પલ્લવીબેન પટેલ રચિત સામાજિક - આર્થિક દરજ્જાના તૈયાર માપદંડનો ઉપયોગ કર્યો હતો.

## સંશોધનની પદ્ધતિ

આ સંશોધનની પદ્ધતિ એ સર્વેક્ષણ પદ્ધતિ હતી.

## માહિતીનું એકત્રીકરણ અને પૃથ્થકરણ :

પ્રસ્તુત અભ્યાસ માટે સંશોધકે માહિતી પત્રિકા,સિદ્ધિ કસોટી અને શાબ્દિક અશાબ્દિક સમૂહ અને બુદ્ધિ કસોટી તેમજ સામાજિક - આર્થિક માપદંડની વિગતો વિદ્યાર્થીઓ પાસે ભરાવી માહિતી એકત્રિત કરી હતી.

પ્રસ્તુત સંશોધનમાં માહિતી પ્રાપ્ત કર્યા પછી માધ્યમિક શાળાના ધોરણ -૮ અને ૯ ના વિદ્યાર્થીઓના ગુજરાતી વિષયની ત્રિપરિમાણ કોઠા આધારિત સિદ્ધિ કસોટીના પ્રાપ્તાંકો મેળવવામાં આવ્યા હતા. સ્વતંત્ર ચલ બુદ્ધિ અને સામાજિક આર્થિક દરજ્જા માટે સમૂહ બુદ્ધિ કસોટી અને સામાજિક આર્થિક દરજ્જાના માપદંડમાં વિદ્યાર્થીઓએ આવેલ પ્રાપ્તાંકોનું સૂચના પત્ર આધારિત ગણતરી કરીને આવૃત્તિ વિતરણ તૈયાર કરવામાં આવેલ અને આવૃત્તિ વિતરણ પરથી તેમની સરાસરી, પ્રમાણ વિચલન, પ્રમાણભૂલ અને ટી મૂલ્ય શોધવામાં આવેલ છે.

## અભ્યાસના તારણો

(૧) માધ્યમિક શાળામાં અભ્યાસ કરતાં છોકરાઓ અને છોકરીઓની શૈક્ષણિક સિદ્ધિની સરાસરી ૬૮.૮૧ અને ૬૪.૭૫ છે. જેમાં છોકરાઓની શૈક્ષણિક સિદ્ધિની સરાસરી

વધુ છે. જેના પરથી કહી શકાય કે છોકરાઓની શૈક્ષણિક સિદ્ધિ વધુ જોવા મળે છે.

(૨) ઉત્કલ્પના $Ho_1$ ની ચકાસણી કરતા જાતિયાતાની અસર વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર જોવા મળે છે.

(૩) માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા ગ્રામ્ય અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓની સરાસરીનું પ્રમાણ ૬૨.૯૩ અને ૭૦.૩૨ છે.જેમાં શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિની સરાસરી વધુ છે. જે પરથી કહી શકાય કે ગ્રામીણ વિસ્તારના વિદ્યાર્થીઓની કરતાં શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ વધુ છે.

(૪) ઉતકલ્પના $Ho_2$ ની ચકાસણી કરતાં જણાય છે કે વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર વિસ્તારની અસર થાય છે.

(૫) માધ્યમિક શાળામાં અભ્યાસ કરતાં ઉચ્ચ બુધ્ધિ આંક ધરાવતા અને નિમ્ન બુધ્ધિઆંક ધરાવતાં વિદ્યાર્થીઓની સરાસરી અનુક્રમે ૭૫.૧ ને ૫૮.૭૬ છે. જેમાં ઉચ્ચ બુધ્ધિઆંક ધરાવતા વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિધ્ધિની સરાસરી વધારે છે .

(૬) ઉત્કલ્પના $Ho_3$ ની ચકાસણી કરતા જણાય છે કે ઉચ્ચ બુધ્ધિઆંક ધરાવતા વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ વધુ છે.

(૭) માધ્યમિક શાળામાં અભ્યાસ કરતાં ઉચ્ચ સામાજિક આર્થિક દરજ્જો ધરાવતાં અને મધ્યમ સામાજિક આર્થિક દરજ્જો ધરાવતા વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિની સરાસરી સમાન છે .

(૮) ઉત્કલ્પના $Ho_4$ ની ચકાસણી કરતાં જણાય છે કે વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ પર સામાજિક - આર્થિક દરજ્જાની અસર થતી નથી.

**સંદર્ભ :**

૧. ઉચાટ,ડી.એ.(૨૦૦૫) માહિતી પર સંશોધન વ્યવહારો : શાંત પ્રકાશન

૨. પારેખ બી.યુ.અને એમ.ડી.ત્રિવેદી,(૧૯૯૪) શિક્ષણમાં આંકડાશાસ્ત્ર (ચોથી આવૃત્તિ) અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગજરાત રાજય

૩. શાહ, દિપીકા, બી.(૨૦૦૪), શૈક્ષણિક સંશોધન, અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ - ગુજરાત રાજય